### સોશ્યલ મીડીયામાં ફોટા વાયરલ

# ધનસુરા-માલપુર ચોકડી ઉપર બેરોકટોક ફેંકાતો ઝેરી કેમીકલ કચરો

### ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડની કામગીરી શંકાના દાયરામાં

બાયડ, તા. ૬

અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં જોખમી કેમીકલ કચરો ફેંકવામાં આવી રહ્યો છે. નવરચિત અરવલ્લી જિલ્લામાં બેરોકટોક પ્રજાના આરોગ્ય માટે જોખમી કેમીકલ કચરો પરપ્રાંતિય ટ્રકોમાંથી ફેંકવામાં આવ્યો છે ત્યારે જિલ્લાનું વહીવટી તંત્ર અને પોલીસ પણ આ મુદ્દે કોઈ ઉચિત કાર્યવાહી કરતું નથી. તાજેતરમાં ધનસુરા તાલુકામાં કોલવડા ગામના સીમાડામાં ઝેરી કચરો નાખવાનું ષડયંત્રણ ઝડપાયા પછી મારો તપાસનાં નાટક ચાલી રહ્યા છે અને કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી ત્યાં છેલ્લા ૨ દિવસથી ધનસુરા-માલપુર ચોકડી પાસે કેમીકલ કચરો નાખ્યાનો ફોટો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. જેમાં ટ્રક(ન.આર.જે.૦૯-જીબી-૦૯૫૬)માંથી કચરો નંખાયો હોવાનું બહાર આવ્યું છે. કેટલાક જાગ્રત યુવાનોએ ઝેરી કચરો બહાર ફેંકનારને પૂછતાં તેને જણાવ્યું કે અમે વડોદરાથી દિલ્હી તરફ જઈએ ત્યારે રસ્તામાં કેમીકલ કચરો નાખી દઈએ છીએ. ત્યારે સવાલ એ થાય છે કે ઝેરી કેમીકલ કચરો નાખવા માટેનું ઉત્તમ સ્થળ હવે અરવલ્લી જિલ્લો જ હોવાનું જણાઈ રહ્યું છે. ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ ક્વોરી ઉદ્યોગ સહિત હવામાં પ્રક્ષણ આંકતા કેટલાક એકમોને નોટિસો આપી માત્ર ડરાવી રહ્યાં છે પરંતુ આ રીતે માનવ આરોગ્ય માટે અત્યંત જોખમી કેમીકલ કચરો પરપ્રાંતિય વાહનમાંથી જિલ્લામાં ઠાલવવામાં આવતો હોવા છતાં એકપણ ઉચિત પગલું ભરાયું નથી.



ધનસુરા-માલપુર ચોકડી ઉપર પરપ્રાંતિય ટ્રકમાંથી કેમીકલ કચરો બહાર ફેંકાતો હોવાનો ફોટો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં હલચલ મચી છે. ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ-હિંમતનગર યુનિટની કામગીરી ફરી એકવાર શંકાના દાયરામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા ૪ વર્ષથી

**હિમવર્ષાની અસર**

# જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ થતાં પ્રજા ઠંડીમાં ઠૂંઠવાઈ

### રાત થતાં જ બજારો, ગામડાં સૂમસામ, આગામી ૩ દિવસ કાતિલ ઠંડીની સંભાવના વધી

બાયડ, તા. ૬

દેશના ઉત્તરીય વિસ્તારમાં હિમવર્ષાના કારણે ગુજરાતમાં ફરીથી ઠંડીનું આગમન થયું છે. ગત રોજ રાત્રે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી થઈ જતાં પ્રજા રીતસરની ઠંડીમાં ઠૂંઠવાતી જોવા મળી. ગરમ વસ્ત્રો ફરીથી ધારણ કરવા પડ્યા. આગામી ૩ દિવસ કાતિલ ઠંડીની સંભાવના વધી છે. લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઠાર અને ધુમ્મસ પછી વિચિત્ર હવામાનથી મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે. વસંતોત્સવના આગમન અગાઉ જિલ્લામાં કોરોનાએ ચિંતા પેદા કરી હતી તેમ છતાં એકંદરે સંક્રમણ કાબુમાં હોવાના દાવા થઈ રહ્યા છે. કમોસમી માવઠાની દહેશત વચ્ચે વાદળો વિખેરાયા અને કમોસમી માવઠાનું સંકટ ટળી ગયું પરંતુ ગત રોજથી જિલ્લામાં દિવસે ગરમી અને રાત્રે કાતિલ ઠંડીના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ છે. લગ્નના અવસરમાં મખમલી ઠંડી સૌને પસંદ હતી પરંતુ ઠંડીની તિવ્રતા વધતાં ખાસ કરીને મહિલાઓ તૈયાર થઈ હોય તો પણ ગરમ વસ્ત્રો અને શાલ ઓઢવાની સ્થિતિ આવતાં લગ્નના અવસર પાછળ ખર્ચેલા પૈસા મજરે ન આવ્યાનું બોલી રહી છે. જિલ્લામાં ગત રાત્રે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી થઈ જતાં લગ્નના સ્થળે પણ તાપણાં સળગાવવા પડે તેવી સ્થિતિ જોવા મળી હતી. ઉત્તર ભારતમાં હિમવર્ષા પછી ગુજરાત અને ઉત્તર ગુજરાત ફરી એકવાર ઠંડીની ઝપેટમાં આવ્યું છે તે જોતાં આગામી ૩ દિવસ રાત્રે ઠંડી ડાકલા વગાડે તે હદે વાતાવરણ ઠંડુગાર કરશે તેવું અનુમાન લગાવાઈ રહ્યાં છે.

# બાયડ પાલિકા દ્વારા વેરો નહીં ભરતા ૧૦૦૦ રીઢા બાકીદારોને નોટિસ

### ૧૦ દુકાનો સીલ કરાતાં બાકીદારો ફફડ્યા

બાયડ પાલિકા દ્વારા વેરો નહીં ભરતા ૧૦૦૦ રીઢા બાકીદારોને નોટિસ આપી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગત રોજ બાયડના વાત્રક રોડ ઉપર આવેલ શોપીંગ સેન્ટરની ૧૦ દુકાનો સીલ કરવામાં આવી છે. એક જ દિવસમાં પાલિકાને દોઢ લાખની વેરા વસુલાત થયાનું જાણવા મળ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં ઓછા વેરા વસુલાતની ગાંધીનગર કમિશ્નર નગરપાલિકા દ્વારા ગંભીર નોંધ લઈ વેરા વસુલાત ઝુંબેશને સઘન બનાવવા તાકીદ કરવામાં આવી છે અને તેમ છતાં પણ નબળી વસુલાત હશે તો ચીફ ઓફીસર સામે પગલાં ભરવા ચીમકી ઉચ્ચારવામાં આવી છે જેના પગલે હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા, મોડાસા અને બાયડ પાલિકાના ચીફ ઓફીસર દ્વારા રીઢા બાકીદારો ઉપર રીતસરની તવાઈ બોલાવવામાં આવી છે. અસંખ્ય ધંધાના સ્થળો સીલ કરાયા છે. બાયડ નગરપાલિકા દ્વારા વારંવારના રીમાઈન્ડર છતાં લાંબા સમયથી બાકી વેરો નહીં ભરતા ૧૦૦૦થી પણ વધુ બાકીદારોને અંતિમ નોટિસ આપી વેરો નહીં ભરતાં નળ જોડાણ કાપવામાં આવ્યા છે. જ્યારે દુકાનોના બાકી વેરો નહીં ભરતા દુકાનો સીલ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બાયડના વાત્રક રોડ ઉપર આવેલ શોપીંગ સેન્ટરની ૧૦ દુકાનોનો વેરો ન ભરાતાં આખરી નોટિસ આપી સીલ કરવામાં આવી છે.

**એક જ દિવસમાં દોઢ લાખની વસુલાત...**

બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીએ જણાવ્યું કે રીઢા બાકીદારો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બાયડના કોમ્પલેક્ષમાં ૧૦ દુકાનો સીલ કરવામાં આવી છે. જ્યારે વેરા વસુલાત ઝુંબેશ સઘન બનાવતાં એક દિવસમાં દોઢ લાખ વસુલાત થઈ છે.

## જન્મદિને વધામણી



અલ્પેશ ઠાકર
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



રાજેન્દ્રભાઈ પટેલ
મોડાસા, (રડોદરા)



ડો. મનિષભાઇ ગોસ્વામી
ધડુંશિયા મઠ તા.બાયડ

# જિલ્લામાં ૩૦૦ની છૂટ સાથે લગ્નસરાના અવસર શરૂ

### સરકારે છૂટછાટ આપતાં પ્રજાને રાહત

બાયડ, તા. ૬

કોરોના સંક્રમણ અંકુશમાં આવતાં રાજ્ય સરકારે નવી માર્ગદર્શિકા જાહેર કરી જેમાં ખુલ્લા સ્થળે લગ્ન સમારંભમાં વસંતપંચમીથી ૩૦૦ લોકોને છૂટ અપાતાં લગ્નના અવસરમાં થોડી સંખ્યા દેખાઈ રહી છે. સરકારે છૂટછાટ આપતાં લગ્નના યજમાનોને રાહત થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં કોરોના સંક્રમણ અંકુશમાં આવ્યાના દાવા થઈ રહ્યા છે. રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં ખુલ્લા તેમજ બંધ સ્થળે માત્ર ૧૫૦ લોકોને જ લગ્નમાં બોલાવી શકાય તેવી માર્ગદર્શિકા જાહેર કરતાં અનેક લગ્નના અવસર ફિક્કા બની ગયા હતા. કોરોના ગાઈડલાઈન માર્ગદર્શિકાનો અમલ થતાં અનેક પરિવારોએ નવેસરથી નિમંત્રણ માટેના લીસ્ટ બનાવવાની ફરજ પડી હતી ત્યારે લગ્નના અવસરમાં ૫૦૦ લોકોને છૂટ આપવી જોઈએ તેવી સરકાર સમક્ષ માંગ વધ્યા પછી વસંતપંચમીના દિવસથી સરકારે ૩૦૦ વ્યક્તિને બોલાવવાની છૂટ આપતાં શનિવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં યોજાયેલા ૬૦૦ થી વધુ લગ્નો મોટાભાગે ૩૦૦ લોકોની હાજરીમાં યોજાયા હતા. જ્યારે લગ્ન સમારંભમાં ૧૫૦ વ્યક્તિઓની વધારાની છૂટ આપવામાં આવી છે પરંતુ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક ફરજીયાત હોવાનું પણ જણાવાયું છે અને તેનું પાલન કરવા પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.




### જવાનપુરામાં ચેહર પ્રાગટ્ય મહોત્સવની આસ્થાપૂર્વક ઉજવણી

હિંમતનગર તાલુકાના જવાનપુરા ચેહર મેલડી ધામ ખાતે વસંત પંચમીના દિવસે ચેહર પ્રાગટ્ય મહોત્સવની આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સાબરકાંઠા, અરવલ્લી અને રાજસ્થાનના ચેહર ભક્તોએ જીગર ભુવાજીના આશીર્વાદ સાથે ૨૧ કિલોની કેક કાપી જય ચેહરથી વાતાવરણ ગજવી મૂક્યું હતું. જવાનપુરા ધામ ખાતે દર રવિવારે મા ચેહરના આશીર્વાદ લેવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ આવતાં હોય છે. અસંખ્ય ભક્તોની મનોકામના પૂર્ણ થતી હોવાથી દર વર્ષે વસંતપંચમીના દિવસે સેવકોના સહયોગ અને ભુવાજીના માર્ગદર્શનથી ચેહર પ્રાગટ્ય મહોત્સવ ઊજવાતો હોય છે. શનિવારે આ પ્રસંગે ચેહરમાના સેવકોની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રાગટ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

## પાલિતણા સ્થિત બે સાધુઓએ ગાદી હસ્તગત કરવા હીન કરતુત કર્યાનો આક્ષેપ

પાલનપુર

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા પાલિતણા હિંમત વિહાર ધર્મશાળા નો વહીવટ હસ્તગત કરવા બે જૈન સાધુ ઓએ કારસો રચી એક પ્રતિભાશાળી આચાર્ય ની ફેક આઈડી બનાવી અશ્લીલ ફોટા અપલોડ કરી બદનામ કરવાનો કારસો રચતા ચકચાર મચી જવા પામી હતી.

જોકે આ સમગ્ર ધૃણાસ્પદ ઘટના ને લઈ મગરવાડા ગાદીપતિ વિજય સોમજી મ.સ. કુલ ત્રણ સામે છાપી પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## ગુજરાત યુનિ. અમદાવાદમાં પ્રથમ ક્રમ મેળવ્યો

બાયડ હાઈસ્કુલના આચાર્ય સુનિલભાઈ પટેલની પુત્રી પ્રિયાંશી પટેલે બી.એ., બી.કોમ, બી. બી. એ. એલ.એલ.બી. ૫ વર્ષ



ઈન્ટીગ્રેટેડ કોર્સમાં ચોથા વર્ષની લેવાયેલી પરીક્ષામાં જી.એલ. એસ. લૉ કોલેજ અમદાવાદમાં ૮.૧૨ એસ.જી. પી. મેળવી કોલેજ અને ગુજરાત યુનિ.-અમદાવાદમાં પ્રથમ સ્થાન મેળવી બાયડ તેમજ સરસોલીનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડાના ભેટાલી ખાતે શાકભાજીના પાકોમાંથી વિવિધ ખાદ્ય ચીજો બનાવવાની તાલીમ

અરવલ્લી જિલ્લાના ભિલોડાના ભેટાલી ખાતે બાગાયત કચેરી દ્વારા મહિલાઓને ફળ અને શાકભાજીમાંથી વિવિધ પ્રકારની બનાવટો બનાવવા તથા શાકભાજી પરીક્ષણ અંગેનો તાલીમ કેમ્પ યોજાયો હતો.



બે દિવસીય યોજાયેલ શિબીરમાં મહિલાઓને ફળ અને શાકભાજી પાકોમાંથી બનાવટો અંગે પ્રેકટિકલ સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ટામેટા કેચપ, મિક્ષ ફ્રુટ જામ, આદુ લીંબુનો સ્કવોશ, રોઝ શરબત, આમળાની કેન્ડી, આમળાનું અથાણું, જામફળનો સ્ક્વોશ, મરચાનું અથાણું, લીલી હળદરનું અથાણું, સફરજનની ચટણી, ટોપરાના લાડુ, ગાજરનો હલાવો, અનાનસનો સ્કવોશ, દાડમનો નેકટર અને દાડમની જેલી જેવી બનાવટોની તાલીમ આપવામાં આવી હતી જેમાં ભેટાલી ગામની ૫૦ થી વધુ મહિલાઓ જોડાઈ હતી.

તાલીમને સફળ બનાવવા નાયબ બાગાયત નિયામકશ્રી બી.એ. કરપટિયાના માર્ગદર્શન હેઠળ બાગાયત અધિકારીશ્રી એ.પી. પટેલ, બાગાયત નિરીક્ષકશ્રી જે.પી. સોલંકી, તાલીમ નિષ્ણાંત સ્મિતાબેન તથા કૈલાસબેનનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો.

# ભાજપમાં અંદરો અંદર છીછરૂ રાજકારણ શરૂ

### બાયડમાં કોઈ સમસ્યા હોય તો જણાવો, પૂર્વ ધારાસભ્યના કાર્યાલય ઉપરથી ફોન રણક્યા

બાયડ, તા. ૬

બાયડ પાલિકા વિસ્તારમાં કોઈ સમસ્યા છે હોય તો અમને લખી મોકલાવો. વસંતપંચમીના દિવસે બાયડ ભાજપના અનેક કાર્યકરો ઉપર પૂર્વ ધારાસભ્યના કાર્યાલય ઉપરથી ફોન રણકતાં ભાજપમાં અંદરો અંદર છીછરૂ રાજકારણ શરૂ થયાની અટકળો શરૂ થઈ છે.

આગામી વર્ષના અંતમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. જ્યારે ૧૦ માર્ચે ઉત્તરપ્રદેશ સહિત ૫ રાજ્યોની ચૂંટણીના પરિણામો જાહેર થવાના છે અને ઉત્તરપ્રદેશના પરિણામો પછી ગુજરાતમાં ચૂંટણી વહેલી આવશે તેવી અટકળોએ જોર પકડ્યું છે. બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અત્યારથી જ લોકસંપર્ક વધારી દેતાં ભાજપ તેમને જ મેદાનમાં ઉતારશે તેવું ગણિત મંડાઈ રહ્યાં છે પરંતુ ભાજપમાં ભલભલા ખમતીધર પણ વેતરાઈ જાય છે. જીતેલા ધારાસભ્યોને ટીકીટ મળવાના ફાંફા હોય ત્યાં હારેલા ઉમેદવારોને ટીકીટ મળશે કે કેમ..?? તેનું ગણિત મંડાઈ રહ્યાં છે. પરંતુ બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ઠાકોર, ક્ષત્રિય સમાજના અન્ય ઉમેદવાર દૂર દૂર સુધી દેખાતા નથી. આ સંજોગોમાં પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનું નામ મોખરે રહ્યું છે. ત્યારે જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં તેઓએ શાંત પાણીમાં કાંકરી નાખી હોય તે રીતે વમળો શરૂ થયા છે. શનિવારે વસંતપંચમીના દિવસે બાયડ નગરપાલિકા વિસ્તારના અનેક કાર્યકરો ઉપર તેમના કાર્યાલય ઉપરથી ફોન ગયા અને બાયડમાં રસ્તા, પાણી, વીજળીની કે અન્ય કોઈ સમસ્યા હોય તો અમને જણાવો. યુવતીઓ દ્વારા કરવામાં આવેલા ફોનથી આ મુદ્દો લગ્નના અવસરમાં પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. કોઈના ઈશારે આ રીતે પ્રયાસ થયો છે કે પછી..?? સુરત નગરપાલિકાના કેટલાક સભ્યોએ આમ આદમી પાર્ટીને રામરામ કરી ભાજપનો ખેસ ધારણ કર્યો તેવો ખેલ તો અંદરખાને બાયડમાં ચાલી નથી રહ્યો ને..?? અહીં ગમે તે થઈ શકે છે.

# અરવલ્લીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે માટે ૧૮ ફેબ્રુઆરી સુધી પ્રતિબંધિત હુકમો જાહેર કરાયા

અરવલ્લી જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે ૪ ફેબ્રુઆરી-૨૨ના કલાક ૦૦ થી ૧૮ ફેબ્રુઆરી ૨૨ ના કલાક ૨૪ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લા, મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મળેલ સત્તાની રૂએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે. જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવા કે દંડા, તલવાર, ભાલા, બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી, પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. હુકમ અન્વયે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ. પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવ્યા છે.

### ડીસા ધારાસભ્ય સહિત ભાજપના કાર્યકરો ચૂંટણી પ્રચાર માટે ઉત્તરાખંડ જવા રવાના

ભાજપના ગુજરાત સરકારના મંત્રી, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો અને સંગઠનના આગેવાનો પાર્ટીના પ્રચાર માટે ઉત્તરાખંડ જવા માટે રવિવારે અંમદાવાદ એરપોર્ટથી રવાના થયા હતા. જેમાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, ડીસા નગર પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર, ડીસા ભાજપા પ્રમુખ પ્રતિકભાઈ પઢિયાર સહિતના કાર્યકરોએ ઉતરાખંડ જવા પ્રસ્થાન કર્યુ હતું.

